96

110

**વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત જુદા જુદા સદરો તથા સંસદસભ્ય ફંડ હેઠળ રજુ થતા કામોમાં થતી અનિયમિતતા નિવારવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃવજઅ-૧૫૨૦૧૦-૩૨૯૫-ય,
૭/૪, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ-૨૦-૧-૨૦૧૧

પરિપત્રઃ-

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના જુદા જુદા સદરો હેઠળ સામૂહિક વિકાસના ન્યૂનત્તમ જરૂરીયાતના કામો મંજુર કરવામાં આવે છે. આ ઉપરાંત સંસદસભ્ય ફંડ(MPLADS) યોજના હેઠળ પણ કેન્દ્ર સરકારની માર્ગદર્શક યાદી અનુસારના કામો મંજુર કરવામાં આવે છે. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટના નિરીક્ષણ અહેવાલમાં ઉપર્યુકત જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલ વિકાસના કામોમાં અનિયમિતતા ઉભી થવાની બાબત ધ્યાન ઉપર આવેલ છે. જેમાં ખાનગી જમીનો ઉપર કામો મંજુર કરતી વખતે પુરતી ચકાસણી તથા પુરતા પુરાવા મેળવ્યા વગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વહીવટી મંજુરી આપી કામો હાથ ધરવામાં આવે છે, તે બાબતે ઓડીટ વાંધા ઉપસ્થિત થયેલ છે. આથી ઉપર્યુકત પરિસ્થિતિ નિવારવા પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છેઃ-

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફકત સામૂહિક વિકાસના કામો જ મંજુર કરવાના રહેશે, વ્યક્તિગત કામો મંજુર કરી શકાશે નહીં.

(૨) ખાનગી જમીનમાં કોઈ કામ મંજુર કરવા નહીં. સંજોગોવસાત જો કોઈ કામ મંજુર કરવાનું થાય તો ખાનગી જમીનની માલીકી સરકારશ્રી હસ્તક તબદિલ કરવાની કાર્યવાહી મહેસૂલ વિભાગના નિયમોને આધીન રહી કરવાની રહેશે. ફકત એફીડેવીટના આધારે ખાનગી જમીન ઉપર કોઈ કામ મંજુર કરી શકાશે નહીં.

(૩) ખાનગી જમીન સરકાર હસ્તકે તબદિલ કર્યા બાદ તેની મહેસુલી રેકર્ડ ઉપર નિયમાનુસારની નોંધ લઈ ત્યાર બાદ જ નિયમાનુસાર કામો મંજુર કરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(૪) ખાનગી જમીન સરકાર હસ્તક તબદિલ કર્યા બાદ તેના ઉપર મંજુર થયેલ કામને કારણે ઉભી થયેલ અસ્કયામત સામૂહીક ઉપયોગ માટેની જાહેર મિલકત છે તે મુજબની જાહેર કરવાની રહેશે.

(૫) ઉપર્યુકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાની જવાબદારી સંબંધિત જવાબદાર અધિકારીની રહેશે.

કલેકટર કચેરી
24 FEB 2011
સાબરકાંઠા

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એચ. ડી. માટેડા)
નાયબ સચિવ(MLP),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,
- અધિક મુખ્ય સચિવશ્રી(આયોજન પ્રભાગ) સામાન્ય વહીવટ વિભાગ,
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ,
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ,(આયોજન પ્રભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ)
- સામાન્ય વહીવટ વિભાગ/(બજેટ) લ-શાખા,
- સામાન્ય વહીવટ વિભાગ/ય.૧ શાખા,
- સિલેકટ ફાઇલ/શાખા ફાઈલ.

કાર્યપાલક ઇજનેર
આરોગ્ય યાંત્રિક વિભાગ
હિંમતનગર

જિલ્લા આયોજન કચેરી
હિંમતનગર
આવક નં. ૬૨૯
તારીખ ૩-૩-૧૧